સંદેશ (ગાંધીનગર), પાના નં. ૦૪, તા. ૦૩.૦૯.૨૦૨૪

### દેશના વડાપ્રધાન અમદાવાદથી મેટ્રોમાં બેસીને ગાંધીનગર આવશે

# ચાલુ માસના ત્રીજા સપ્તાહમાં ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રો દોડતી થવાનાં એંધાણ

## ઈન્સ્પેકશન બાદ કોમ્પ્લાયન્સ સર્ટિફિકેટ આવી ગયું : લોકો પણ ખૂબ આતુર

| ગાંધીનગર |

ગાંધીનગર - અમદાવાદ વચ્ચે મેટ્રો ટ્રેન ચાલુ સપ્ટેમ્બર મહિનાના ત્રીજા સપ્તાહમાં દોડતી થાય તેવું જણાય રહ્યું છે. મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ વચ્ચે કમિશનર મેટ્રો રેલ દ્વારા ઈન્સ્પેક્શન સફળતા પુર્વક પુરું થયું છે. તેનું કોમ્પલાયન્સ સર્ટિફિકેટ પણ આવી ચૂક્યું છે. ટૂંક સમયમાં ગાંધીનગરવાસીઓને મેટ્રો ટ્રેનની સેવા મળતી થાય તેવું હાલમાં દેખાય રહ્યુ છે. દેશના વડાપ્રધાન ખૂદ અમદાવાદથી મેટ્રો બેસીને ગાંધીનગર આવશે તેવી વિગતો છે.

ફરી એકવાર ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ટૂંક સમયમાં મેટ્રો ટ્રેન દોડતી થશે તેવા એંધાણ વ્યક્ત કરવામાં આવ્યા છે. આમ તો ગત જુલાઈ

### મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ વચ્ચે કમિશનર મેટ્રો રેલ દ્વારા ઈન્સ્પેક્શન સફળતા પૂર્વક પૂરું

મહીનાના અંતે જ મેટ્રો ટ્રેન શરૂ થઈ જશે તેવી વાત કરવામાં આવી હતી. પરંતુ તે પછી આખો ઓગષ્ટ મહિનો નીકળી ગયો, હવે આગામી ૧૬ -૧૭ સપ્ટેમ્બરમાં મેટ્રો ટ્રેન શરૂ થશે તેવું સુત્રો જણાવી રહ્યા છે. નોંધનીય છે કે, આગામી ૧૭ સપ્ટેમ્બરના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે. તેઓ ૧૬ અને ૧૭ બે દિવસ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન ખૂદ આ મેટ્રો ટ્રેનમાં અમદાવાદથી બેસીને ગાંધીનગર આવી શકે છે તેવી પણ વિગતો છે. લોકો હવે આતુરતાથી મેટ્રો શરૂ થાય તેની રાહ જોઈ રહ્યા છે. ગત જૂન મહિનામાં ગાંધીનગરમાં સાબરમતી નદી પર ગિફ્ટ સિટી પાસેનો પુલ તથા સુઘડ નર્મદા કેનાલ પરના કેબલ સ્ટેડ પુલ ઉપર લોડ ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. જેમાં જરૂરી વજન સાથે ચાર ટ્રેનો એકસાથે મૂકીને લોડ ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. લોડ ટેસ્ટીંગ બાદ કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટીન દ્વારા ઈસ્પેક્શન કરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત વખતોવખત ટ્રેક ટેસ્ટીંગ થતું રહ્યું હતું. હવે લોકો આશા લગાવી રહ્યા છે કે, સપ્ટેમ્બર મહિનામાં ખરેખર અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન દોડતી થઈ જાય.